श्री

अंत्यजस्तोत्र

લેખક:

સાચા સ્વર્ગના પથદર્શક

ડૉ૦ અમૃતલાલ સુંદરજી પઢીઆર

પ્રકાશક.

જીવરામ કલ્યાણજી કોઠારી

કન્યાશિક્ષાશાળા, અન્ત્યજસેવક

ઠસરા-કોટડા

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે

— નરસિંહ મહેતા

મૂલ્ય ૦-૦-૬ સં. ૧૯૮૧

પ્રત [illegible]૦૦૦

અમદાવાદ સારંગપુર, સરકીગરાની વાડીમાં નવજીવન
મુદ્રણાલયમાં જેઠીલાલ છગનલાલ બુચે છાપ્યું.

પ્રસ્તાવના

હિંદુધર્મની વિકરાળ અતિશયતાનો સચોટ દાખલો અંત્યજો તરફનું આપણું વર્તન છે. એ કેટલું અધમ છે, એ આપણને કેટલું શરમાવનારૂં છે, એ ભાઇ અમૃતલાલ પઢીઆરે પોતાના અંત્યજસ્તોત્રમાં બતાવી આપ્યું છે. તેમાં કવિની અતિશયોક્તિ છે, પણ તે ઘણી જ ઓછી છે. વાચનારનાં રૂવાટાં ઉભાં થયા વિના ન રહે એવો હૃદયભેદક ચિતાર ભાઇ પઢીઆરે ચીતર્યો છે. આ સ્તોત્રમાં તેમનો ઉકળાટ ઉભરાઇ રહ્યો છે એ સ્તોત્ર લાખો પુરુષો અને સ્ત્રીઓને વાંચી સંભળાવવું જોઇએ. ચકલે ચકલે સ્ત્રીપુરુષો જેમ ભાગવતાદિ સાંભળે છે તેમ સંભળાવવું જોઇએ.

આ અસ્પૃશ્યતાના દોષમાંથી આપણે મુક્ત નથી થયા ત્યા લગી આપણે સ્વરાજ ભોગવવા લાયક છીએ કે નહિ એ મોટો પ્રશ્ન રહેશે. ગુલામના માલેકો જો સ્વરાજ્ય ભોગવવા લાયક કહી શકાય તો આપણે ભલે હોઇ શકીએ. યાદ રાખવાનું છે કે આપણે પોતે અત્યારે પરાધીન દશામા છીએ તેમાંથી મુક્તિ ઇચ્છનારને પોતાના દોષોનો વધારે વિચાર કરવો ઘટે છે. પડેલાના રજકણ જેવડા દોષો હિમાલય જેવડા જણાય છે. તેમજ અંત્યજો પ્રત્યેની આપણી વર્તણુક છે; અને વધારામા એ કે આ દોષ જાતે જ હિમાલય જેવડો છે, અને તે આપણી ઉન્નતિને રોકી રહેલ છે.

ગોધરાની અંત્યજપરિષદ પછી જે ચર્ચા ચાલી છે તે મેં ધ્યાનપૂર્વક વિચારી છે; મેં અસ્પૃશ્યતા નિભાવી રાખવાના પક્ષમાં એક પણ દલીલ મુદ્દાવાળી નથી જોઇ. જ્યાં શાસ્ત્રની ઉપર હુમલો છે ત્યાં શાસ્ત્ર-વચન આપી બચાવ કરવો, એ તો આંધળો જે ન જોઇ શકે તેના અસ્તિત્વના ઇનકાર જેવું છે. આપણા વર્તનનો બચાવ આપણે ન્યાયપૂર્વક ન કરી શકીએ તો શાસ્ત્રોનો આધાર નિરર્થક છે. શાસ્ત્રો બુદ્ધિથી ને નીતિથી પર ન હોઇ શકે, જો બુદ્ધિ અને નીતિનો

ત્યાગ કરવામાં આવે તો ગમે તે પાખંડનો ધર્મને નામે બચાવ થઇ શકે.

આ ઘોર પાપમાથી મુક્ત થવાને સારૂ આપણે એવો સતત પ્રયાસ કરવો પડશે કે ભાઇ પઠીઆર કહે છે તેમ એ પ્રયાસમા જ આપણી ભારે ઉન્નતિ સમાએલી છે. એ પ્રયાસ આપણે જો પ્રાચીન ઢબ પ્રમાણે કરીશું તો ધર્મનો સંગ્રહ કરતાં કરતાં આપણે કાર્યસિદ્ધિને પામીશું જો પશ્ચિમની ઢબ પ્રમાણે કરીશું તો અંત્યજો અને આપણી વચ્ચે અંતરાય પડશે.

આપણાં ઘરડેરા સ્વર્ગવાસી થાય ત્યારે અંત્યજો છૂટશે એ કાયરનું વાક્ય છે આપણે તપશ્ચર્યા કરી આપણાં ઘરડેરાઓનાં દિલમાં દયા ને શુદ્ધ ધર્મની વૃત્તિ જાગૃત કરીએ એમા આપણો પુરુષાર્થ છે, એજ આપણું કર્તવ્ય છે. આપણે કહીએ છીએ તેવું હિમ્મતપૂર્વક કરીએ તો કાર્યસિદ્ધિ તુરત થાય તેવું છે. શત્રુને મારીને રાજ્ય કરવું એ તુચ્છ ઇચ્છા છે. શત્રુને આપણા મતનો બનાવી તેને મિત્ર બનાવવો એ ધર્મ છે.

નડિઆદ
૧૯૭૬ના ચૈત્ર શુદ ૭ } **મોહનદાસ કરમચંદ ગાંધી**

વૈષ્ણવ કોણ ?

વૈષ્ણવ જન તો તેને કહિયે, જે પીડ પરાઇ જાણે રે
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે

સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમા રે
રામનામશું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યાં રે
ભણે **નરસૈંયો** તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે

॥ ॐ ॥

અંત્યજ સ્તોત્ર

૧. મહાન પ્રભુને ધન્યવાદ આપો, સર્વ શક્તિમાન પ્રભુને ધન્યવાદ આપો કે અંત્યજોનો મહિમા સમજાવનાર અંત્યજસ્તોત્ર લખવાનો ભારતમાં વખત આવી ગયો છે. એ ઉપકાર કાંઇ જેવો તેવો નથી. ધન્ય, પ્રભુ! ધન્ય! તારા બાળકો ઉપરની તારી દયા મોડી વ્હેલી પણ કાઇ ઉતર્યા વગર રહેતી નથી.

૨. હે દેશસેવકો! હે પ્રભુભક્તો! હનુમાન સ્તોત્ર ગણપતિ સ્તોત્ર, દેવી સ્તોત્ર, ગુરૂ સ્તોત્ર, વીઠોબા સ્તોત્ર, ખંડોબા સ્તોત્ર, ભૈરવ સ્તોત્ર, ગંગા સ્તોત્ર, અગ્નિ સ્તોત્ર, સૂર્ય સ્તોત્ર, યમુના સ્તોત્ર, લક્ષ્મી સ્તોત્ર, વૈરાગ્ય સ્તોત્ર, વાયુ સ્તોત્ર, બ્રાહ્મણ સ્તોત્ર,

અને પ્રેમ સ્તોત્ર વિગેરે ઘણી જાતનાં સ્તોત્રો તમે વાચ્યાં હશે; પણ આ નવા યુગનું અંત્યજ સ્તોત્ર તમે નહિ વાચ્યુ હોય, માટે એ વાંચવાની કૃપા કરો.

૩ હે પરોપકારી અંત્યજો ! તમને અમારા નમસ્કાર છે. અમારી તંદુરસ્તીની લગામ તમારા હાથમાં છે.

૪. હે મોટા મનવાળા અંત્યજો ! તમે અમારા ખાતર ગંદકી સહન કરો છો, તમને અમાર નમસ્કાર છે.

૫. હે તિતીક્ષા (સહન કરવા)વાળા અત્યજો અમારા સુખ સારૂ તમે હલકા ગણાતાં કામો કરો છો, તમને અમારા નમસ્કાર છે.

૬. હે દયાપાત્ર બનેલા અંત્યજો ! તમે અમારા જુલમથી ગરીબી ભોગવો છો ને તેમ છતા અમને માન આપો છો. તમને અમારા નમસ્કાર છે.

૭. હે મહાનુભાવો ! અમે તમારો છડેચોક તિરસ્કાર કરીએ છીએ, છતા પણ તમે અમારો હિંદુ ધર્મ પાળો છો. તમને અમારા નમસ્કાર છે.

૮. હે તપસ્વિ અંત્યજો ! તમને ગામમાં રહેવાનું ઠેકાણું નથી એટલું જ નહિ પણ તમને રહેવા માટે ખરાબમાં ખરાબ જગ્યા મળે છે. છતાં પણ તપસ્વિની

પેઠે એ બધું નિભાવી લો છો તમને અમારા નમસ્કાર છે.

૯. હે દૃઢ જીવનશક્તિવાળા અંત્યજો ! તમને અમારા નમસ્કાર છે. કારણકે બહુ મુશ્કેલ સંજોગોમાં પણ તમે જીવી શકો છો. જેવી દુર્ગંધીવાળી હવામાં જેવા ખરાબ ખોરાકથી અને જેવી ભયંકર દરિદ્રતામાં તમે જીવી શકો છો, તેવી અધમ સ્થિતિમાં દુનિયાની બીજી કોઇ પણ પ્રજા વંશપરંપરા જીવી શકે જ નહિ; માટે તમારી જીવનશક્તિ નમસ્કાર કરવા યોગ્ય છે.

૧૦ હે દયા જગાડનાર અંત્યજો ! જ્યારે તમારાં ફાટયાં તુટયાં વસ્ત્રો જોઇએ છીએ, જ્યારે તમારાં ભાગ્યાંતુટયાં વાસણો જોઇએ છીએ, જ્યારે તમારાં સાપ વિંછીવાળાં ભાગ્યાંતુટયાં ખંડેરો જેવાં ઝુપડાંઓ જોઇએ છીએ ત્યારે અને જ્યારે તમારી અર્ધી નગ્ન અવસ્થા જોઇએ છીએ તથા ભુખમરો જોઇએ છીએ; ત્યારે તમારી મારફત દયાની દેવીઓનાં દર્શન અમને થાય છે.

૧૧. હે સહનશીલતાવાળા અંત્યજો ! તમારી દયાની હવે અમને જરૂર છે; કારણ કે હજારો વર્ષથી અમારા બાપદાદાઓએ તમારો તિરસ્કાર કરેલો છે. એ પાપમાંથી છુટવા માટે હવે તમારી

સેવા કરવાનો અને એ રસ્તે તમોને નમસ્કાર કરી તમારી માફી માગવાનો વખત હવે આવી ગયો છે.

૧૨. એક માણસ પોતાના બીજા મનુષ્ય બંધુનો કેટલી હદ સુધી તિરસ્કાર કરી શકે અને તેને કેટલી હદ સુધી નીચો પાડી શકે છે તેનો નમુનો જોવો હોય તો તે અંત્યજો છે.

૧૩. હે અંત્યજ બંધુ! તમારી મારફત ઘણી જાતનાં દર્શન થઈ શકે છે. જેમ કે સંપૂર્ણ દરિદ્રતાનું ખરેખરૂં દર્શન કરવું હોય તો તે તમારામાથી થઇ શકે છે અનેક જાતના રોગોનાં દર્શન કરવાં હોય તો તે તમારાથી થઇ શકે છે; અને ઉંચ ગણાતા મનુષ્યના અભિમાનના દુષ્પરિણામનું તથા કઠોરતાનું દર્શન કરવું હોય તો તે પણ તમારામાંથી થઇ શકે છે. આવાં આવાં અનેક દર્શનો તમારામાંથી તુરત જ થઇ શકે છે. તમે દુનિયાની સુધરેલી પ્રજાનું ધ્યાન ખેંચનારાઓ છો.

૧૪. હે અંત્યજો! મનુષ્યના મનની નબળાઇનો, મનુષ્યના જુલમનો, અને ધર્મના નામે ચાલતા અંધેરનો ઇતિહાસ તમારા ઘરોમાં લખાએલો છે, અને તમારા સંસ્કારોમાં લખાએલો છે. એ ઇતિહાસના તમે જીવતા જાગતા પુસ્તક રૂપ છો, માટે તમે પ્રેમપાત્ર છો.

૧૫. હે ધર્મપ્રેમી અંત્યજો! તમને ધન્ય છે! ધન્ય છે!! તમારા ધર્મ ઉપરના પ્રેમને ધન્ય છે! મુસલમાનો તમને પોતાની સાથે લેવા ઇચ્છે છે. ખ્રિસ્તીઓ તમને પોતાની સાથે ભેળવવા અતિશય પ્રયત્ન કરે છે અને હિંદુઓ તો તમને હડધુત કરે છે, તમારો તિરસ્કાર કરે છે; સડેલા કુતરાને અડકતાં તેઓ અભડાતા નથી પણ તમને અડકતાં તેઓ અભડાઇ જાય છે; છતાં પણ તમે પોતાના ધર્મને વળગી રહ્યા છો એ તમારો ધર્મપ્રેમ અજબ જેવો છે અને સ્તુતિપાત્ર છે અમે તમારા એવા ધર્મપ્રેમ માટે તમને નમસ્કાર કરીએ છીએ.

૧૬. હે ભાવિક અંત્યજો! તમારા જેવી ખરાબ સ્થિતિમાં રહીને કોઇ પણ કોમ પોતાના ધર્મને સાચવી શકે નહિ, તમે ધર્મનું ખરૂં સ્વરૂપ જાણતા નથી, તમોને અમારા કોઇ પંડિતો કે ધર્મગુરૂઓ ધર્મ સમજાવતા નથી છતાં પણ કેવળ શ્રદ્ધાથી તમે હિંદુધર્મને વળગી રહ્યા છો. એ તમારી બલિહારીની એ તમારી ધર્મભાવનાની ઇશ્વરના દરબારમાં મહાન કિંમત છે.

૧૭. હે અંત્યજો! તમારામાંના ઘણાંના ઘર પાસે ગંધાતા વિષ્ટાના ટોપલાઓ પડેલા છે. ફળીઆમાં હાડકાંના કડકાઓ પડેલા છે. પાસે જનાવરોના

તરતનાં ઉતારેલાં લીલાં ચામડાં સુકાય છે. ભાંગેલા હાંડલાના ઠીબડામાં પડેલા ખોરાક ઉપર માખીઓ બણબણે છે. નવા ચામડાની દુર્ગંધીને લીધે તમારા ઘરની પાસે કુતરાંઓ દોડાદોડ કરી રહ્યાં છે, અને ઉપર સમળાં તથા કાગડાઓ ઉડી રહ્યાં છે. ઘરમાં મચ્છરની મહેરબાની છે. ચાંચડોનું રાજ્ય છે. ઉંદરોનો જુલમ છે. ફુટેલા ઘડામાં હવેડાનું વાસ મારતું, જંતુઓવાળું, ગંદું પાણી તમોને પીવા માટે ભરેલું છે અને ખાવા માટે મુએલા જાનવરનું વાસી માંસ પડેલું છે. આવે ઠેકાણે ને આવી સ્થિતિમાં પણ અમારા રામ, અમારા કૃષ્ણ, અમારી દેવી, અને અમારા મહાદેવ તમારા અંતરમા રહી શકે છે, અને તેના ભજનો ગવાયા કરે છે એ તમારી બલિહારી છે. એ માટે અમારા ધર્મબંધુ તરીકે તમો નમસ્કાર કરવા યોગ્ય છો.

૧૮. ધર્મની મોટામાં મોટી ફરજ એ છે કે પોતાના ધર્મબંધુઓના ખાસ મદદગાર થવું, તેમની સ્થિતિ સુધારવી, તેઓનું ભલું થાય તેમ કરવું અને તેઓની સેવાની ખાતર કષ્ટ સહન કરવું. તેને બદલે આપણે આપણા ધર્મબંધુઓ અંત્યજોની સાથે કેવી શરમ ભરેલી વર્તણુક ચલાવીએ છીએ! તેનો દરેક ધાર્મિક સજ્જનોએ ખ્યાલ કરવો જોઇએ. એ ખ્યાલ

કરતાં આપણા સનાતન ધર્મની મહત્તા સમજનાર ભલા માણસોને ત્રાસ છુટે છે.

૧૯. અંત્યજો જ્યાં સુધી ઉકલો, ભીખલો, જેઠીઓ, રૂડીઓ, કચરો, પુંજો, નાથીઓ, અમથો અને હડમતીઓ એવા નામના હોય, આપણો ધર્મ પાળતા હોય અને આપણા રામકૃષ્ણને માનતા હોય ને તેનાં ભજન ગાતા હોય ત્યાં સુધી આપણે તેને અડી શકતા નથી; પણ એ જ ભીખલો જ્યારે હુસેનખાં બની જાય ત્યારે આપણે તેને સલામ કરીએ છીએ. એ જ પુંજીઓ જ્યારે અલીમીયાં બની જાય ત્યારે તે સીપાઇદાદા થઇને આપણને ધમકાવે છે. એ જ રૂડીઓ જ્યારે ગુલામમહમદ બની જાય ત્યારે આપણે જ તેનાથી બ્હીને ચાલીએ છીએ. એ જ કચરો જ્યારે જૉન બની જાય ત્યારે તે આપણા છોકરાઓની સાથે બેસીને નિશાળમાં ભણી શકે છે. એ જ જેઠીયો પૉલ બની જાય ત્યારે આપણે તેને હાથ મીલાવી માનથી સલામ કરીએ છીએ. વળી એ જ હડમતીઆનો છોકરો જ્યારે રેવરંડ હંટર બની જાય ત્યારે આપણી જ પ્રજાને આપણે જ ખરચે વટલાવવાની મહેનત કરે છે. એ બધામાં આપણને કાંઇ વાંધો નથી. પણ હડમતીઓ હડમતીઓ જ રહે, જેઠીઓ જેઠીઓ જ રહે અને

ભાખલો ભાખલો જ રહે અને આપણા રામકૃષ્ણને માન્યા કરે ત્યાં સુધી જ તેની સાથે વાંધો છે. ત્યાં સુધી જ તે અસ્પૃશ્ય છે. તે મુસલમાન કે ખ્રિસ્તી બની જાય એટલે ધર્મ બદલાવાની સાથે આપણા આભડછેટના બધા વાંધા મટી જાય છે. મતલબ કે અંત્યજો જ્યા સુધી સનાતન ધર્મ પાળે ત્યાં સુધી જ તેઓ આપણા તિરસ્કારને પાત્ર છે. પણ જ્યારે તેઓ આપણો ધર્મ છોડી દે ત્યારે તેઓ ઉચા બની જાય છે; એ વખતે આપણો સ્પર્શદોષ ભાગી જાય છે. આવું અંધેર કયાં સુધી રહેશે? આવી રીતે આપણે આપણા ધર્મના લોકોનો તિરસ્કાર કરીને પારકા ધર્મમાં જવાની ફરજ પડે છે તે કયાં સુધી પાડીશું? અને હવે આ નવા યુગમાં, આ દેખતા જમાનામાં, હવે આ બુદ્ધિબળના જમાનામાં, અને આ સ્વતંત્રતાના તથા સમદષ્ટિના જમાનામાં અંત્યજો આવું કયાં સુધી સાંખશે તેનો જરા ખ્યાલ તો કરો.

૨૦. હે સ્વદેશપ્રેમીઓ! વર્તમાન કાળનો મહામંત્ર સ્વદેશપ્રેમ છે. આ યુગનો ધર્મ સ્વદેશપ્રેમ છે. બધી જાતની ઉન્નતિનું મોટામાં મોટું સાધન સ્વદેશપ્રેમ છે. એ સ્વદેશપ્રેમ તે શું દેશના પત્થરો ઉપર રાખવાનો પ્રેમ છે? એ સ્વદેશપ્રેમ તે શું મરી

ગએલાં, બળી ગએલાં અને દટાઈ ગએલા મુડદાંઓ ઉપર રાખવાનો પ્રેમ છે? એ સ્વદેશપ્રેમ તે શું દેશના આકાશ, સૂર્ય અને ચંદ્ર ઉપર રાખવાનો પ્રેમ છે? એ સ્વદેશપ્રેમ તે શું પુસ્તકો ને વાણીમાં જ રાખી મૂકવાનો પ્રેમ છે? એ સ્વદેશપ્રેમ તે શું ઝાડોમા, ખાણોમાં અને દેશની વસ્તુઓમાં બધો સમાઈ ગયો છે? હાં, એ બધામાં સ્વદેશપ્રેમની ઝાંખી છે. હા, એ બધામાં સ્વદેશપ્રેમનો અંશ છે. પણ યાદ રાખજો કે ખરેખરો સ્વદેશપ્રેમ તો આપણા દેશના લોકોનું જગતમાં માન વધારવામાં છે, સ્વમાન વધારવામાં છે. એ મહાન કામ, એ ખરૂં કામ, એ ઉત્તમ કામ, એ પ્રભુનું વહાલું કામ, અંત્યજો સાથેની આપણી હાલની વર્તણુકથી થાય છે ખરૂં કે? કહો કે નહિ; તેમ છતાં આપણે સ્વદેશપ્રેમી હોવાનો દાવો કરીએ છીએ! પણ એ દાવો કેવો ખોટો છે? ને કેવો પોકળ છે? તે હવે જોઇએ. વળી આપણા દેશબંધુઓ અંત્યજો તરફ પણ આપણો સાચો પ્રેમ વધે તેમ કરવું જોઇએ.

૨૧. "હે દેશદાઝકો! હે ધાર્મિક બંધુઓ! હે રાજનીતિજ્ઞો અને ધર્મગુરૂઓ! હવે આ યુગમાં દરેક બાબતમાં સંખ્યા સામું પણ જોવું પડશે. અસલના વખતમાં ઘણી બાબતોના આપણને ખરા આંકડા

મળી શકતા નહિ, પણ હવે જરૂરની અનેક બાબતોના ખરા આંકડા મળી શકે છે. બીજું એ કે અગાઉના વખતમા માત્ર નાતવાળાની સંખ્યા, ગામવાળાની સંખ્યા અને પોતાના સંપ્રદાયવાળાની સંખ્યા કે પોતાના રાજ્યવાળાની સંખ્યા સામે જ જોવામાં આવતું હતું, પણ હવે જમાનો બદલાયો છે. હવે તો આખા હિંદુસ્તાનની સામે જોવું જોઇએ. એ સિવાય દુનિયાની સ્થિતિ તથા સંખ્યા સામે જોવું જોઇએ. એ સામે જોતાં તમારા નાનકડા ગામમાં પાંચ દશ અંત્યજોનાં ઘર હોય છે, તે સામે જ જોઇને અટકવાનું નથી; પણ આપણે તો હેબતાઇ જઇએ એટલા બધા પાંચ કરોડ માણસ હિંદમાં અસ્પૃશ્ય જાતીના છે તેનો વિચાર કરવાનો છે. આ મહાન સંખ્યા શું વિસ્મય પમાડનારી નથી? એના હક સામે જોયા સિવાય શું હિંદ ઉન્નતિ પામી શકશે? એમ કદિ પણ બની શકે તેમ નથી. **હવે અંત્યજોના હકની સામે જોવું જ પડશે.**

૨૨. હે રાજનીતિજ્ઞો! શું પાંચ કરોડ માણસોને પશુવત્ રાખીને તમે તમારા કામમાં ફત્તેહ પામી શકશો? હે વ્હેપારીઓ, ખેડુતો અને કારીગરો! પાચ કરોડ માણસને અસ્પૃશ્ય રાખીને, તેઓથી દૂર દૂર રહીને તમે હિંદની આબાદી કરી શકશો?

હે ધર્મગુરૂઓ ! પાંચ કરોડ માણસોને વીના કારણ પારકા ધર્મમાં વટલાવાની સગવડતા કરી આપીને, સાથે કહો કે તેમને વટલાવાની ફરજ પાડીને, તમે તમારો ધર્મ વધારી શકશો ? આ સવાલો વિચારવાનો વખત હવે આવી લાગ્યો છે. માટે અંત્યજ સ્તોત્રની જરૂર છે.

૨૩. હિંદુધર્મમા એમ કહેલું છે કે જેણે મહા પાપ કર્યા હોય, જેણે ઇરાદાપૂર્વક પાપ કર્યા હોય; અને જેને પાપના આચરણમા રુચિ હોય તે ચંડાળ કહેવાય અને એવા ચંડાળનો સ્પર્શ કરવો નહિ. હવે વિચાર કરો કે જેને આપણે અંત્યજ કહીએ છીએ અને જેના સ્પર્શથી આપણે દૂર રહીએ છીએ એવાં બીચારાં ગરીબ માણસોએ શું પાપ કરેલાં છે ? કોનાં ખુન કરેલાં છે ? કોના વિશ્વાસઘાત કરેલા છે ? કોના ધર્મ ડુબાવેલા છે ! કોના યજ્ઞભંગ કરેલા છે ? કયાં મંદિરો તેમણે તોડેલાં છે ? કંઇ સ્ત્રીઓના ગર્ભ તેમણે પાડેલા છે ? અને કયા બ્રાહ્મણોને તેમણે મારેલા છે ? કે તેમનો સ્પર્શ પણ તમે કરતા નથી ? શા માટે તેમને અસ્પૃસ્ય કહો છો ! તેનો ખુલાસો તમારે જગતને આપવો પડશે અને ઇશ્વરની હજુરમાં પણ આપવો પડશે. હવે પોલમપોલ ચાલશે નહિ. હવે કાંઇ ખોટી જોહુકમી

ચાલશે નહિ, હવે કાંઇ ફોગટની પોતાના મનમાંથી માની લીધેલી મોટાઇ ચાલશે નહિ અને હવે કાંઇ બહારના ધર્મના આડંબરથી અને લુખીપુખી વંશ-પરંપરાની, કુળની મોટાઇથી ચાલશે નહિ. હવે તો ઇન્સાફનો જમાનો છે અને હવે તો સ્વતંત્રતાનો જમાનો છે; માટે અંત્યજોને પણ ન્યાય આપવો પડશે. વળી યાદ રાખજો કે **ખુશીથી નહિ તો લાચારીથી** કે ફરજીઆત રીતે તેઓને તેમના હક્ક આપવા જ પડશે.

૨૪. હે હરિજનો ! ઉત્તમ હિંદુધર્મની ઉદારતા તો જુઓ ! પવિત્ર આર્યધર્મની મહત્તા તો જુઓ ! અસુર જાત ઉપર આપણા પૂર્વજોનો પ્રેમ તો જુઓ ! ધર્મમાં કેટલું બધું બળ રહેલું છે અને સત્ય ધર્મ કેવા કેવા મહાન પાપીઓને પણ, ચંડાળને પણ પવિત્ર બનાવી શકે છે તે જરા જુઓ તો ખરા અને પછી તમારી નબળાઇ સામે જુઓ ! તમારા ધર્મના ઢીલાપણા સામે જુઓ ! અને તમારી નમાલી શ્રદ્ધા તરફ જુઓ ! એટલે તમને સમજાશે કે મહાપાપી ચંડાળોને પણ પ્રાયશ્ચિત આપીને શુદ્ધ કરવાની વિધિ શાસ્ત્રોમાં છે; અને એ પ્રમાણે આપણા બાપદાદાઓ પણ કરતા હતા પણ આપણે એવા નમાલા છીએ કે જે લોકોએ કંઇ પણ પાપ કરેલું

નથી એટલું જ નહિ પણ ઉંચા વર્ણના લોકોમાં કન્યાવિક્રય, વેપારમાં, વ્યવહારમા અતિ પ્રપંચો અને અંદરથી સડેલી નીતિ વગેરેને લીધે જેવા પાપો ચાલે છે તેવાં પાપો પણ જે લોકોમાં થતાં નથી તેવા લોકોને પણ આપણે શુદ્ધ કરી શકતા નથી એ આપણી નબળાઇ તે હવે ક્યા સુધી ચાલશે ? માટે આવી નબળાઇમાંથી છુટવા સારૂ અને અજ્ઞાનતામાં પડેલા આપણા બંધુઓને અસ્પૃશ્યતામાંથી પવિત્ર બનાવવા સારૂ પ્રભુની પ્રાર્થના કરો કે હે પ્રભુ ! અમારા દેશબંધુઓને, અમારા ધર્મબંધુઓને અને સેંકડો વર્ષથી અમારા નાહક જુલમથી કચરાતા અમારા અજ્ઞાન બંધુઓને પવિત્ર સમજવાનું અમોને બળ આપો બળ આપો.

૨૫. અંત્યજો પાપી છે કે નહિ એની ખાત્રી કરવા માટે કાઇ કપોલ કલ્પીત અટકળો કરવાની જરૂર નથી. એ માટે જેલના આંકડાઓ જોવા જોઇએ. એ જુઓ તો ખાત્રી થશે કે પાચ કરોડ ખ્રિસ્તીમાં કેટલા ગુન્હા થાય છે તે કરતાં પાંચ કરોડ મુસલમાનોમાં ઓછા ગુન્હા હોય છે; અને પાંચ કરોડ મુસલમાનોમાં જેટલા ગુન્હેગાર હોય છે, તે કરતાં પાંચ કરોડ હિંદુમાં બહુ ઓછા ગુન્હેગારો હોય છે, અને ઉંચ વર્ણમાં ગણાતા પાંચ કરોડ

હિંદુઓમાં જેટલા ગુન્હેગારો હોય છે તે કરતાં પણ પાંચ કરોડ અંત્યજોમાં ઘણા જ ઓછા ગુન્હેગાર હોય છે* અને તેમ છે તો પણ અંત્યજો અસ્પૃશ્ય જાતી ગણાય એ શું શરમ ભરેલું નથી? વધારે ગુન્હો કરનાર લોકો ઓછામાં ઓછા ગુન્હા કરનાર લોકોને અડતાં અભડાઇ જાય.

૨૬. ડરશો માં, અંત્યજ બંધુઓ, ડરશો માં કારણ કે જમાનો તમારી તરફેણમાં છે. સ્વદેશીનો ઝુંડો ઉડાડનારાઓ તમારી તરફેણમાં છે. સ્વરાજ્ય-વાદીઓ તમારી તરફેણમાં છે. અમલદારો તમારી તરફેણમાં છે. ઉછળતો નવો યુવાન વર્ગ તમારી તરફેણમાં છે અને વ્યાપારીઓ, કારીગરો અને ખેડુતોને પણ હવે માણુસોની તાણને લીધે તથા મોંઘારતને લીધે તમારી મહેનતની મદદ લેવાની જરૂર પડતી જાય છે. એટલે લોકોની પણ તમારા તરફની છીટ ઓછી થતી જાય છે. વળી બીજી તરફથી જુના વિચારના બુઢ્ઢાઓ મરતા જાય છે. એટલે તમારી સાથેનું અસ્પૃશ્યપણું હવે ઘણા વર્ષ સુધી ટકી શકે તેમ નથી. કારણ કે મહાત્મા શ્રી

* અને ઘણાખરા અંત્યજ ગુન્હેગારોનો ગુન્હો તો તેમની ગરીબાઇ અને અસહાયતા એજ હોય છે!—પ્રકાશક]

ગાંધીજી જેવા સમર્થ પુરૂષો તમારી તરફેણમા છે. માટે ડરો માં અને જેમ બને તેમ આગળ વધવાની કોશીશ કરો; એટલે થોડા જ વરસોમા અમારી સાથે હાથમાં હાથ મીલાવીને તમે દેશોન્નતિનાં કામો કરી શકશો અને તમારી જીંદગી સુધારી શકશો.

૨૭. દયા ઉતરી છે. પ્રભુની દયા ઉતરી છે. હિંદ ઉપર પ્રભુની દયા ઉતરી છે. તેથી હિંદનું ભવિષ્ય ખીલતું જાય છે. પણ એ વધારેમાં વધારે ક્યારે ખીલશે? અને હિંદના સૌભાગ્યનો દિવસ પુરેપૂરો ક્યારે ઉગશે? એ તમે જાણો છો? જ્યારે હાલમાં અધમ દશામાં પડેલા તેના પાંચ કરોડ બાળકો અસ્પૃશ્યપણામાંથી નીકળી હિંદની સેવામાં લાગશે ત્યારે હિંદની સ્થિતિ જોવા લાયક થઇ પડશે. એ વખતે વ્યાપાર રોજગાર વધી જશે, એ વખતે કારીગરી વધી જશે. એ વખતે નવી નવી શોધો વધી જશે, એ વખતે પરદેશો સાથેનો સંબંધ વધી જશે અને એ વખતે રાજ્ય બંધારણમાં ઘણા યે મનમાનતા સુધારા થઇ જશે. એ બધું જલદી જલદી કરવા માટે અંધારામાં પડેલાં, ખુણામાં પડેલાં, અસ્પૃશ્ય જાતી તરીકે રહી ગયેલાં હિંદનાં પાંચ કરોડ બાળકોને કેળવીને આપણામાં ભેળવવાની જરૂર છે. વળી યાદ રાખજો કે એ મહાન કામ જેમ

જલદી કરી શકો તેમ તમને પોતાને અને દેશને જલદી લાભ થશે. જેમ જેમ એ મહાન કામ કરવામા, એ અગત્યનું કામ કરવામાં વાર લગાડશો તેમ તેમ તમારી અને દેશની ખરાબી વધતી જશે, માટે સંભાળજો. એ જ આ અંત્યજ સ્તોત્રની વિનંતિ છે.

૨૮. હિંદની ઉન્નતિ ઇચ્છનારા અને હિંદી પ્રજાને આશીર્વાદ દેનારા તથા એ માટે મહેનત લેનારા અદૃશ્ય દેવો તથા પ્રત્યક્ષ મહાત્માઓ શું ઇચ્છે છે એ તમે જાણો છો? તેઓ એવા વખતની વાટ જોઇ રહ્યા છે, તેઓ એવા દિવસની વાટ જોઇ રહ્યા છે, કે જ્યારે અંત્યજો ઊંચી સ્થિતિએ ચડેલા હોય અને તેને લીધે સમગ્ર દેશ સારી સ્થિતિએ પહોંચેલો હોય એ માટે તેઓ કોઇના અંતરમાં પ્રેરણા કરી રહ્યા છે. કોઇને કામ કરવાની દિશા બતાવે છે, કોઇના કાનમાં પ્રેમધર્મના મંત્ર ફુંકે છે, કોઇના હૃદયમાં અભેદભાવની જ્યોતિ જગાવે છે અને કોઇને પોતાના દાખલાથી બંધનો તોડવાનું બળ આપે છે. કારણકે હિંદની બધી પ્રજાની સાથે સાથે આબાદી થવાની છે; એટલે અંત્યજોને સુધારી ઉંચે ચઢાવવાથી બ્રાહ્મણોને ફાયદો થાય તેમ છે; કારણ કે હિંદ દેવીના પગ સડેલા રહે અને માથું

મોટું થઇ જાય અને પેટ ફુલી જાય એ કામ હવે બનવાનું નથી; અને એમ બને એ કાંઇ સાચી તંદુરસ્તી પણ કહેવાય નહિ. માટે હિંદના હિતેચ્છુ મહાત્માઓ હિંદ દેવીનાં બધા અંગોનું યથાસ્થિતપણું ઇચ્છે છે. તે સારૂ તેઓ અંત્યજોને સુધારવાની ખાસ કાળજી રાખે છે અને તેઓની સ્થિતિ સુધર્યાની આતુરતાથી વાટ જુએ છે. માટે એ દિવસ જલદી આવે એમ આપણે બધાએ કોશેશ કરવી જોઇએ.

૨૪. 'અંત્યજોને સુધારવાથી હિંદની બધી કોમોને અને હિંદનાં બધાં મુખ્ય મુખ્ય ખાતાંઓને લાભ થઇ જાય એ વાત અમે માની શકતા નથી.' એવું જો કોઇ કહે તો તેણે જાણવું જોઇએ કે અંત્યજોની સ્થિતિ ક્યારે સુધરશે એ તમે જાણો છો? જ્યારે હિંદમાં કેળવણી વધશે ત્યારે હિંદના અંત્યજોની સ્થિતિ સુધરશે. જ્યારે લોકોના વિચારમાં ઉદારતા આવશે ત્યારે અંત્યજની સ્થિતિ સુધરશે. જ્યારે લોકો પોતાની ફરજ સમજશે, જ્યારે લોકોમા ખરો સ્વદેશપ્રેમ આવશે, જ્યારે ખરાબ રૂઢીના બંધનો ઊડાવી દેવાનું લોકોમાં બળ આવશે અને જ્યારે મનુષ્યજાતનો મહિમા સમજાશે ત્યારે અંત્યજોની સ્થિતિ સુધરશે; અને એ બધું થાય તેનો લાભ શું દરેક કોમના લોકોને નહિ મળે? એવું થાય એ જ

મોટામાં મોટો લાભ છે. એ સિવાય જ્યારે સ્વરાજ્યની ઉદાર રાજ્યનીતિ અમલમાં મૂકવામાં આવશે ત્યારે અંત્યજોની સ્થિતિ સુધરશે, ત્યારે દેશમાંથી મજુરોની તંગી ઓછી થઇ જશે. એટલે ખેતી, વ્યાપાર, હુન્નર, નવીન શોધ, મુસાફરી વગેરે ખાતાંને ટેકો મળી જશે. આ બધું થવા માટે હિંદના પાંચ કરોડ અંત્યજોની મદદની હિંદને જરૂર છે અને તે સારૂ તેને સુધારવાની તથા તેઓને આપણાં કામોમાં લગાડવાની જરૂર છે. ફક્ત એટલા અંત્યજોને ખાતર જ અંત્યજો સાથે ભલાઇ રાખવાની નથી; પણ **આપણા પોતાના લાભ સારૂ** અને આપણા દેશની ઉન્નતિ સારૂ અંત્યજોને સુધારવાની અને તેઓની મદદ લેવાની જરૂર છે.

૩૦. જુઓ! હે દયાળુ હિંદુઓ!! જરા જુઓ તો ખરા! કે અંત્યજોનાં બાળકોની શી સ્થિતિ છે? તેઓનાં અંગ ઉપર વસ્ત્ર ક્યાં છે? ટાઢમાં તેઓ કેવાં થરથરે છે? અને વરસાદમાં ભીંજાવાથી તેઓ કેવાં કંપે છે? એ શું તમે નથી જોયું? તમારી ન્યાતો જમી ગયા પછી ગટરોમાં ફેંકી દીધેલાં એઠાં પત્રાળાં ઉપરથી તેઓ ભાતના દાણા વીણે છે અને દાળના પડીઆ ચાટે છે એ દેખાવ શું તમે નથી જોયો? શું આ સ્થિતિમાં ફેરફાર થવાની જરૂર નથી?

તમારા દેશબંધુઓને આવી સ્થિતિમાં રાખીને તમે આગળ વધી શકશો કે ? વાહરે વાહ, તમારી આગળ વધવાની રીતિ ! યાદ રાખજો કે પ્રભુને ત્યાં કાંઇ ન્યાય છે હો ! જેમ અહિં સાવ પોલંપોલ ખેડો છો તેમ પ્રભુને ત્યાં કાંઇ પોપાબાઇનું રાજ્ય નથી. તમારા ઘરમાં હજારો ને લાખો રૂપિયા ફોગટના પડયા રહે, એ સાચવવાની ઉપાધિમાં તમારૂં આયુષ્ય ઓછું થતું જાય, પણ તમારા આવા ખરેખરા લાચાર બંધુઓને મદદ કરવા સારૂ તે તરફ તમારી દૃષ્ટિ પણ જાય નહિ, અગર એમાં તમને ધર્મ સમજાય નહિ, એવું અંધેર તે ક્યાં સુધી ચાલશે ? ભવિષ્યની પ્રજા આવું સાંખી શકશે નહિ; માટે ચેતતા રહેજો. ઘણાએ ઢોંગી ભીખ માગનારાઓ તમારી પાસેથી ઠગીને ફસાવીને ખાઇ જાય છે; તેને બદલે આવા ખરેખરા લાચારોને કાંઇક મદદ કરતાં શિખજો; એ જ અમારી વિનંતિ છે.

૩૧. અંત્યજોના વિરોધીઓને એક સાદો સવાલ પૂછો અને તે એ કે અંત્યજો માંદા પડે છે કે નહિ ? તેઓને તાવ આવે છે કે નહિ ? તેઓને ઉધરસ આવે છે કે નહિ ? તેઓને સન્નિપાત થાય છે કે નહિ ? તેઓને મરકી કે કૉલેરા થાય છે કે નહિ ?

કહો કે હા, એ બધા રોગો જેમ આપણને થાય છે તેમજ તેઓને પણ થાય છે. એટલું જ નહિ પણ આપણા કરતાં ઘણા વધારે રોગો તેઓને થાય છે; કારણ કે તેઓને તંદુરસ્તીના નિયમોનું જ્ઞાન નથી, તેમને રોગોથી બચવાનાં સાધનો નથી, રોગ ફેલાવનારા જંતુઓની વચ્ચે જ તેમને રહેવું પડે છે, તથા રોગ થાય તેવા ખરાબ ખોરાકજ તેઓને ખાવા પડે છે; અને તેમ છતાં તેઓને વૈદોની, ડૉકટરોની જેવી જોઇએ તેવી મદદ મળી શકે તેવું હોતું નથી. હું તમને પુછું છું કે છેલ્લાં સેંકડો વર્ષ થયાં કઇ કોમના વૈદોએ અંત્યજોના ઘરમાં જઇને મૃત્યુના બીછાને પડેલા અંત્યજ બાળકોની નાડ તપાસી જોઇ છે? કહો કે નહિ જ. અને તેમ છતા આપણે દયાળુ! વાહરે ભાઇ, તમારી દયા. હે ઉંચાપણાના અભિમાની ધર્મગુરૂઓ! તમે જેવી અંત્યજો તરફ વર્તણુંક ચલાવો છો, તેવી વર્તણુંક પ્રભુ તમારી સાથે ચલાવે તો તમારી શું હાલત થાય, એનો જરા વિચાર કરજો; અને ખોટી કપોલકલ્પિત આભડછેટની જાળમાં જ નહિ પડયા રહેતા. જરાક દેશકાળ સામે પણ જોજો, જરા અંતરના આદેશ પણ સાંભળજો અને જરાક પ્રભુની મહત્તા સામે પણ જોજો. એજ અમારી વિનંતિ છે.

૩૨. દેશની આબાદી માટે ફત્તેહની કુંચી કયી? એ તમે જાણો છો? દેશહિતેચ્છુ ઉંડી દૃષ્ટિવાળા સજ્જનો કહે છે કે દેશના દરેક વર્ગના, દરેક કોમના, દરેક ધર્મના અને એકેએક દેશી માણસ દેશના સુખ દુઃખની સ્થિતિ જાણે એ દેશની આબાદીનો મોટામા મોટો અને સાચામાં સાચો ઉપાય છે. કારણ કે જો સર્વ લોકો દેશની સ્થિતિ જાણતા હોય તો તે સુધારવા માટે કોઇ પણ માણસ નિકળ્યા વિના રહે નહિ અને બીજાઓ તેને ટેકો આપ્યા વિના રહે નહિ પણ દેશના દુઃખની ખરી સ્થિતિ જો લોકો ન જાણતા હોય તો તેઓ કાંઇ ચળવળ કરે નહિ કે મદદ કરે નહિ. તેથી પરિણામ એ થાય કે દેશની ઉન્નતિ થતાં વાર લાગે; અને દેશની ઉન્નતિ થતાં વાર લાગે તો આપણી પોતાની ઉન્નતિ થતાં વાર લાગ્યાની બરોબર છે, હવે વિચાર કરો કે આપણા દેશની શું સ્થિતિ છે? આપણા લોકોને કેવા કેવા હકકો મળવા જોઇએ? સુધરેલા દેશના લોકો કેવા કેવા હક્ક ભોગવે છે? અને કેવાં સુખ ભોગવે છે? તેનો આપણા દેશના વિના કારણ તજાએલા પાંચ કરોડ અંત્યજોને ખ્યાલ છે કે? હિંદનાં આટલાં બધાં બાળકો તદ્દન અંધકારમાં રહે અને હિંદની ઉન્નતિમાં કાંઇ પણ ભાગ લઇ શકે

નહિ; છતાં પણ હિંદની ઉન્નતિ થઇ જશે કે ? જેઓ એમ સમજતા હોય કે હિંદના કરોડો માણસો અજ્ઞાન હોય છતા પણ હિંદની ઉન્નતિ થઈ જશે, તેઓ મોટી ભૂલ કરે છે. એવી ભૂલમા આપણા દેશના સારા માણસો ન રહી જાય માટે આ અંત્યજ સ્તોત્રની જરૂર છે. કારણ કે જેઓ જાગતા છતાં ઉંઘવાનો ઢોંગ કરતા હોય તેઓને લોકમતના દબાણ-થી ફરજીઆત રીતે સુધરવું પડશે; પણ જે ભોળ-પણથી વ્હેમમાં પડેલા છે તેઓના કાન ઉઘાડવા માટે આવાં સ્તોત્રોની જરૂર છે.

૩૩. અંત્યજોને સુધારવા માટે તેઓના અંતરમાં ઉન્નતિની, સુસ્થિતિની મોટી આશાની આગ સળગાવો, તેઓને કહો કે દુનિયામાં જે દેશો આબાદીવાળા છે અને સુખી છે, તે દેશોમાં ગરીબોના ઘરમાં પણ હારમોનીઅમ છે અને તમારા ઘરમાં ફુટેલાં હાંલ્લાં પણ નથી. સુધરેલા દેશના લોકોના ઘરમાં વિજળીના દીવા છે અને તમારાં ઘરમાં દીવો કરવા ગ્યાસલેટ ખરીદવા એક પાઇ પણ નથી. તે લોકોના ઘરમાં ખુરસી ટેબલ છે અને તમારા ઘરમાં ફાટેલી સાદડી કે સડેલી ગોદડી પણ નથી. તે લોકોના ઘરમાં સુંદર ચાંદીનાં અને કાચનાં વાસણો છે અને તમારા ઘરમાં ગટરો પાસેથી ઉંચકી લીધેલાં ભાંગેલાં

કીયરાં છે. તેઓના શરીર ઉપર ઋતુઋતુને અનુ-સરતાં કપડાં છે અને તમારા શરીરની એબ ઢાકવા માટે પણ લંગોટીનો કટકો મેળવતાં મુશ્કેલી થઇ પડે છે. શું આ સ્થિતિ સુધારવા જેવી નથી? આ દરિદ્રતામાંથી છુટવા પ્રયત્ન કરો, તમે ચળવળ કરો, તમે ચર્ચા કરો અને જગતનું ધ્યાન ખેંચો એટલે દુનિયાના ઘણા લોકો, સારા લોકો, કેળવાયલા લોકો તમારી તરફેણમાં છે. જમાનો તમારી તરફેણમાં છે અને પ્રભુ પણ તમારી તરફેણમાં છે. માટે તમોને જરૂર, જરૂર ને જરૂર ફતેહ મળશે; અને તે પણ બહુ જ જલદીથી મળે; માટે તમારી સ્થિતિ સુધારવાના પ્રયત્નમાં મંડયા રહો, મંડયા રહો.

૩૪. આ દુનિઆમાં ઘણી જાતના આનંદ છે. પણ તેમાં જે મોટામાં મોટો આનંદ છે તે એ છે કે જે આંધળા હોય તેને દેખતા કરવા; જે પાંગળા હોય તેને ચાલતા કરવા; જે બ્હેરા હોય તેને સાંભળતા કરવા; જે મુંગા હોય તેને બોલતા કરવા; જે મુર્છાવસ્થામાં પડેલા હોય તેને જાગૃત કરવા એ સૌથી મોટો આનંદ છે. બિચારા અંત્યજોની સ્થિતિ અત્યારે આંધળા, બ્હેરા, લુલા, મુગા અને મૂર્છિત જેવી છે; એટલે તેઓમાં જે નવું જીવન રેડનારા છે તે સૌથી શ્રેષ્ઠ છે. તે પ્રભુના વ્હાલા છે અને તે

દેશના સાચા સેવકો છે માટે જો ખરી રીતે કામ કરવું હોય ઉંચા પ્રકારનું કામ કરવું હોય અને કરોડો લોકોનું જલદી ભલું થાય તેમ કરવું હોય, તો નિરાધાર અંત્યજોને સુધારવાની કોશિષ કરો, નિરાધાર અંત્યજોને સુધારવાની કોશિષ કરો.

૩૫. આ જગતમા ખરેખરા મોટા માણસો કોણ છે એ તમે જાણો છો ? કુળથી મોટા ગણાય એ કાંઇ મોટા નથી. બાપદાદાની મોટાઇથી મોટા ગણાય તે કાંઇ મોટા નથી. ધર્મનું ઓઢું આઢું ધરીને ગુરુપણાના દંભથી મોટા ગણાય એ કાંઇ ખરેખરા મોટા નથી. પોતાના મનુષ્યબંધુઓને દારૂ ગોળાના બળથી મારી શકે તે કાંઇ ખરેખરા મોટા નથી; કાંઇ સંજોગોને લીધે તેના બળથી ધન મેળવી શકે કે લોકોને આંજી નાંખે તેવી અમુક પ્રકારની વિદ્યા મેળવી લે, તેજ કાંઇ ખરેખરા મહાન પુરૂષ નથી. પણ મહાત્માઓ તો એમ કહે છે કે જે ગાય હમણાં દૂધ આપી શકતી નથી, તેને ખુબ દૂધ આપતી કરે તેજ ખરેખરા મોટા છે. જે ઘોડો હમણાં ચાલી શકતો નથી, તેને દોડતો કરી દે તેજ ખરેખરા મોટા છે. જે આંબાના ફળ હમણાં નાનાં અને રસ વગરનાં થઇ ગયાં છે, તે આંબાનાં ફળને મ્હોટાં અને રસવાળાં બનાવે તે ખરેખરા મોટા માણસ છે.

બાજરીનાં જે કુંડામા હમણાં થોડા દાણા થાય છે, તે કુંડાંમાં હજારો દાણા કરી આપે તે ખરા મોટા માણસ છે. વળી જે અનાથ લોકો પહાડની ખીણમાં પડી ગયાં છે. તેમને પહાડ ઉપર ચઢાવી આપે તે ખરેખરા મોટા માણસો છે. આવું કામ કરવાનું ક્ષેત્ર હમણા અંત્યજો છે. કારણ કે હમણાં તેઓ રસ વિનાના આંબા જેવા થઇ ગયેલા છે; તેઓ વસુકી ગયેલી ગાય જેવા છે. તેઓ હમણા થાકી ગયેલા ઘોડા જેવા છે; તેઓ હમણાં ઓછા દાણાવાળા કુંડા જેવા છે; તેઓ હમણાં અધમતાના ખાડામાં પડી ગએલા છે; માટે એ ખાડામાંથી તેમને કાઢવા એ ખરેખરૂં મહાન કામ છે. માટે જે સજ્જનો એ મહાન કામ કરશે, જે પ્રભુના સાચા પરોપકારી ભક્તો એ કામ કરશે અને જે દેશકાળ સમજનારા સાચા કર્મયોગીઓ એ સાચી સેવાનું કામ કરશે; તેમના ધન્ય ભાગ્ય ગણાશે અને સ્વર્ગમા તેઓનો પહેલો હક્ક થશે. માટે એવી સેવા કરનારા અનેક સજ્જનો આપણા દેશમાંથી અને આપણા લોકોમાંથી નીકળે એમ હિંદના શુભેચ્છક દેવતાઓ ઇચ્છે છે.

૩૬. આ જગતમાં કોઇક કામો એવાં હોય છે કે તેમાં જો તિરસ્કાર થાય તો એ કામ ખરાબ ગણાય છે. પણ અંત્યજોને સુધારવાનું કામ એવું

છે કે તેમાં લોકોનો જે તિરસ્કાર ખમવો પડે તે તિરસ્કાર પણ માન રૂપ છે. તે તિરસ્કાર પણ મંગલ રૂપ છે. કારણ કે સ્વર્ગમાં દેવતાઓ એવાં ગીતો ગાય છે કેઃ—

૧. પ્રભુના બાળકોને ખાતર જેઓ તિરસ્કાર સહન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૨. પોતાના નીચે પડેલા બંધુઓને ઉંચે ચ્હડાવવા જેઓ પ્રયત્ન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૩. ભૂલા પડેલાને રસ્તો બતાવવા માટે જેઓ તિરસ્કાર ખમે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૪. દરિદ્રોને દરિદ્રતામાંથી મુક્ત કરવા માટે જેઓ તિરસ્કાર સહન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૫. રોગીઓને રોગમાંથી બચાવવા માટે જેઓ મૂર્ખાઓનો તિરસ્કાર સહન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૬. દેશસેવકો વધારવા માટે જેઓ તિરસ્કાર સહન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૭. લોકોમાં ધાર્મિકતા વધારવા માટે જેઓ તિરસ્કાર સહન કરે છે તેઓને ધન્ય છે! ધન્ય છે!

૮. હીણાએલાઓને ખાતર જેઓ પોતાના માનનો ભંગ ખમે છે તેને ધન્ય છે!

૯. પોતાના અંતઃકરણના માનને ખાતર, સત્યના માનને ખાતર અને પ્રભુના માનને ખાતર જે પોતાના માનનો ભંગ ખમે છે તેઓને ધન્ય છે!

૧૦ દુઃખીઓને ખાતર જે બહેખાંઓનાં અપમાન સહન કરે છે, જ્ઞાતિનાં અપમાન સહન કરે છે તેઓને ધન્ય છે!

૧૧. પોતાનો કોઇ પણ જાતનો સ્વાર્થ ન હોવા છતાં પણ માત્ર સેવાવૃત્તિથીજ પોતાની મોટાઇનો ત્યાગ કરીને જે મલીન સ્થિતિના લોકોમાં ભળે છે, અને તેમને સુધારવાની કોશિષ કરે છે, તેઓને ધન્ય છે! ધન્ય છે! કારણ કે જેઓ તિરસ્કાર સહન કરવાવાળા છે તેઓની ઉપર ઇશ્વરની દયા ઉતરશે તેઓની ઉપર ગરીબોના આશીર્વાદ ઉતરશે અને તેઓને વધાવી લેવા સારૂ સ્વર્ગની દેવીઓ ફુલની માળાઓ લઇ ઉભેલી છે,

કારણ કે ધન તજવું એ સહેલી વાત છે. ઘર તજવું એ સહેલી વાત છે, કુટુંબ તજવું એ સહેલી વાત છે. અને જ્યારે કોઈ પણ જાતના આવેશમાં આવી જાય ત્યારે પ્રાણ તજવું એ પણ સહેલી વાત છે. પણ અનાથોને ખાતર, નીચ ગણાતા લોકોની ખાતર અને જેમનો દેશના બાવીસ કરોડ માણસો

તિરસ્કાર કરે છે તેવા અંત્યજોને ખાતર સમજણ-પૂર્વક-ઇરાદાપૂર્વક પોતાના માનનો ભંગ ખમવો અને લાખો લોકોનો તિરસ્કાર સહન કરવો એ કાંઇ નાનીસુની વાત નથી. માટે જે સજ્જનો એવું કઠણુ કામ કરે, એવું આકરૂં તપ કરે, તેઓને ધન્ય છે!

૩૭. જેમ કેસ વધારે ખરાબ તેમ સારા ડૉકટરને તેની વધારે ફીકર હોય છે. તેમજ અંત્યજોની માનસિક સ્થિતિ એટલી બધી ખરાબ છે કે જો આપણે તેમની વાતો સાંભળીએ તો આપણને તેમની દયા આવ્યા વગર રહે નહિ; માટે તેમના તરફ આપણી દયા ઉશ્કેરાય તે સારૂ બહુજ પડી ગયેલા અને છેકજ નીચે ઉતરી ગયેલા અંત્યજોની થોડીક વાતોના નમુના પણ આપણે જાણવા જોઇએ.

૧. જેમકે, આપણે જ્યારે સ્વરાજની વાતો કરીએ છીએ ત્યારે તેઓ અંદર અંદર વાતો કરે છે કે પીઠીઓ વેઠે શા માટે ન જાય? એને માથે શું કુમતું છે? આપણે બધા વેઠ કરી કરીને મરીએ છીએ અને તે હરામખોર દાવમાં આવતો નથી. માટે હવે સિપાઇ વેઠે પકડવા આવે તો પીઠીઆને પકડાવવો છે. એ માટે મેં જમાદારને કહેલું છે કે માબાપ, હવે તો તેને વેઠમાં પકડવો જ જોઇએ.

૨. આપણે ઉત્તમ ખોરાકની વાતો કરીએ છીએ અને મીઠાઇ મેવાની વાતો કરીએ છીએ, ત્યારે એ અધમ સ્થિતિમાં પડેલા લોકોમાંથી કોઇ કોઇને શું કહેવું પડે છે એ તમને ખબર છે? તેઓ પોતાના છોકરાંને કહે છે કે તું અમીરજાદો ક્યાંથી થયો? તારે સારૂ રોટલો કયાંથી લાવશે? જુવારના ભાવ શું છે એ ખબર છે? હમણા આઠ દિવસ થયાં કામ નથી! જુવાર ક્યાંથી લાવીએ. કોઇ વેપારી ઉધાર આપે છે? ન ખાતો મર ભુખે. તું એવો જ અકરમી છે.

૩. આપણે ગીતા અને ઉપનિષદ્ વાંચીએ છીએ અને હિંદુ ધમનું તત્ત્વ યુરોપીઅન વિદ્વાનોમાં ફેલાતું જાય છે એવી વાતો કરીએ છીએ; ત્યારે એ લોકમાં શું વાતો થાય છે એ તમને ખબર છે? રામા મહારે વિઠ્ઠલ મહારને કહ્યું કે તું ગધેડો છે તે વેઠ કર્યા કરે છે, હું ખ્રિસ્તી થઇ ગયો એટલે વેઠ કરવી મટી ગઇ, તું પણ ખ્રિસ્તી થઇ જાને, એટલે કોઇ નામ ન લે, એ વિના રાજ્યના સિપાઇઓ આપણને સુખે રહેવા દેશે કે? વટલાવામા આપણું શું જાય છે? પાદરીને કહીએ કે અમે તમારા ધર્મમાં આવવા તૈયાર છીએ: એટલે તુરત જ બધી સગવડ. વેઠ પણ મટી જાય, સૌને અડી શકાય અને

છોકરાંઓ નિશાળમાં બ્રાહ્મણનાં છોકરાંઓની સાથે ભણી શકે. માટે મારૂં કહ્યું માનતો હોય તો થઇ જા ખ્રિસ્તી. મફતનો હડધૂત શું કરવા થયા કરે છે? સિપાઇઓના ગોદા શું કરવા ખમે છે?

રામાની વાત વિઠ્ઠલ મહારને ગળે ઉતરી. તે ખ્રિસ્તી થવા કબૂલ થયો, પણ હિંદુઓની આંખ ઉઘડે એમ કયાં છે? ધર્માંધો આભડછેટના ખાડા-માંથી નીકળી શકે એમ કયાં છે?

૪. આપણે દારૂનિષેધ માટે ફાંફાં મારીએ છીએ, ભાષણો આપીએ છીએ અને એ જાતનાં લખાણો ફેલાવીએ છીએ ત્યારે એને બદલે અંત્યજોમાં દારૂ વધતો જાય છે; અને દારૂ માટે તેઓમાં શું વાતો થાય છે તે તમને ખબર છે?

ભીખલા ભંગીઆને ઘેર લગન હતાં ત્યારે જેઠીઆએ દારૂ પીવાની ના પાડીને કહ્યું કે, દારૂ પીવાથી મને ઉલટી થાય છે ને માથું ફરે છે. ત્યારે ભીખા પટેલે કહ્યું કે નાતનું અપમાન થાય કે! અહીં તો દારૂ પીવો જ પડશે. પેલાએ ન પીવા માટે ઘણી તાણ કરી પણ હરીઆએ કહ્યું એનો ભાર શું છે કે ના પીએ! લાવો, હું એને પરાણે પાઇશ અંતે તેને દારૂ પીવો પડે છે!!

૫. આપણે જીવદયાની વાતો કરીએ છીએ અને એ માટે કાંઇ કાંઇ ઉપાયો કરીએ છીએ, ત્યારે કેટલાક અંત્યજોમાં એ સંબંધે શું વાતો થાય છે એ તમે જાણો છો?

પરબતે કહ્યું અરજણીઆ, ઓણ તો ચામડાનો ઇજારો લીધો છે તેમાં માર્યા જઇશું. ઇજારાના પંદરસો રૂપીઆ આપ્યા છે અને હજી પાંચસો રૂપીઆનાં પણ ચામડાં થયાં નથી, ઢોરમાં રોગ આવે તો ઠીક થાય, નહિ તો રખડી પડીશું. ત્યારે અરજણીઆએ કહ્યું કે રોગની કાંઈ વાટ જોયા કરાય કે? એ તો ન પણ આવે, જીવણાએ ચામડા-નો ઇજારો રાખ્યો હતો ત્યારે તે તો ઢોરને ઝેર દેતો હતો. જંગલમાં ઢોર ચરવા ગયાં હોય ત્યાં કોને ખબર પડે? રોટલામાં સોમલ નાંખીને કોઇની ભેંસને કે કોઇના સારા બળદને ખવરાવી દઇએ તો તે મરી જાય. ભેંસવાળો જાણે કે સાપ કરડયો હશે એટલે તે મરી ગઈ. એમાં કોણ જાણે કે આપણે ઝેર દીધું છે? એમ કર્યા વિના ઇજારાના રૂપિયા નહિ ભરાય. વિગેરે. એ તેમ કરે છે અને લોકોના ઢોરને વિના કારણ ઝેર દઇ મારી નાંખે છે.

૩૮. હે સજ્જનો! અધમતાની આવી વધારે વાતો કરવાની કાંઇ જરૂર છે? આટલા નમુના શું

બસ નહિ થાય? શું આ સ્થિતિ સુધારવાની જરૂર નથી? આપણા દેશબંધુઓને આવી સ્થિતિમાં રાખીને શું હિંદનો ઉદય કરી શકાશે? યાદ રાખજો કે અંત્યજોની આવી અધમ દશા છે માટે જ તેઓને સુધારવાની વધારે જરૂર છે. તેઓની આવી માઠી દશા જોઇને કાંઇ તેઓ પાસેથી ખસી જવાય નહિ અને તે સારૂ જ કાંઇ તેઓથી દૂર દૂર રહેવાય નહિ; પણ જેમ બને તેમ તેઓની સાથે ભળીને તેઓની સ્થિતિ સુધારવાની કોશિષ કરવી જોઇએ.

૩૯. અંત્યજોના ઉદ્ધારની જેઓ વિરૂદ્ધમા હોય તેઓને પૂછજો કેઃ—

૧. અંત્યજોમાં આત્મા છે કે નહિ?

૨. અંત્યજો મનુષ્ય છે કે નહિ?

૩. જેમ જગતમા બધા મનુષ્યો પ્રભુનાં બાળકો છે, તેમ અંત્યજો પણ પ્રભુનાં બાળક છે કે તેઓનો પ્રભુ બીજો કોઇ છે?

૪. અંત્યજોને સુધારવાની જરૂર છે કે નહિ?

૫. અંત્યજો સુધરી શકે તેવા છે કે નહિ?

૬. અંત્યજોમાં પણ સારા માણસો અને ભક્તો હોય ખરા કે નહિ?

૭. અંત્યજો પણ પ્રભુના દરબારમાં જઇ શકે કે નહિ?

૮. અંત્યજોની મદદની દેશને જરૂર છે કે નહિ?

૯. અંત્યજો આપણા ધર્મમાં રહે તો સારૂં કે વટલી જાય તો સારૂં?

૧૦ અંત્યજો હિંદના વતની છે કે પરદેશી છે?

૧૧. કોઇ પણ ગરીબ, નિરાધાર, દુઃખી કે દરિદ્રી માણસને મદદ કરવાની આપણી ફરજ છે કે નહિ?

૧૨. અંત્યજોને સુધારવાથી ધર્મ થશે કે પાપ થશે?

૧૩. અંત્યજોને સુધારવાથી દેશની ચ્હડતી થશે કે પડતી થશે?

૧૪. હાલના વખતમાં અંત્યજોની સ્થિતિ દયા કરવા યોગ્ય છે કે નહિ?

૧૫. અંત્યજોને આગળ વધારનારા ઉપર પ્રભુ રાજી થશે કે ગુસ્સે થશે?

૧૬. જો આપણે અંત્યજોનો તિરસ્કાર કરીએ તો તેનો સત્કાર કરવા માટે બીજા લોકો તૈયાર છે કે નહિ?

૧૭. અંત્યજોની બાબતમા જમાનો શું કહે છે? તેઓને તિરસ્કાર કરવાનું કે તેમને મદદ કરવાનું?

૧૮. ઉંચ કોમોના ગણાતા હિંદુઓ સિવાય જગતની બીજી બધી પ્રજા અંત્યજો માટે કેવા

વિચારો ધરાવે છે? તેઓને સુધારવાના કે તેઓ હાલમાં છે તેવા ને તેવા રાખી મૂકવાના?

૧૯. તમારા વ્હેમના ઘરમાં આગ લગાડનારો, અંત્યજોની તરફેણનો એક બળવાન પક્ષ ઉભો થતો જાય છે; અને એ પક્ષમાં તમારા ભાઇ, તમારા ભાણેજો, તમારા ભત્રીજા, તમારા કાકા, તમારા સાળા તમારી બ્હેનો, તમારા શેઠ, નોકરો, તમારા દીકરાઓ અને તમારા બ્રાહ્મણો 'વટલાતા' જાય છે, અને તેમનું દિન પ્રતિદિન જોર વધતું જાય છે; એની તમને ખબર છે કે નહિ?

૨૦ આ બધા સવાલોના તમે સંતોષકારક જવાબ આપી શકો છો? અને એ બધી મુશ્કેલીઓને અટકાવી શકો એવું તમારામાં બળ છે? જો એવું બળ તમારામાં ન હોય તો અંત્યજોની ઉન્નતિ થવાની જ છે. અને તમે આંખો ચોળતા અને મોઢું વિકાસતા રહેવાના જ છો. છૂટછાટ મૂકીને ડહાપણથી કામ લેતાં શિખજો એમ અંત્યજ સ્તોત્રની તમને ભલામણ છે.

૪૦ આ અંત્યજ સ્તોત્ર અંત્યજોનો ઉદ્ધાર કરવામાં મદદગાર થાઓ. આ અંત્યજ સ્તોત્ર આર્યોનું આર્યત્વ જગાડવામાં મદદગાર થાઓ. આ અંત્યજ સ્તોત્ર સત્ય ધર્મ સમજાવવામાં ઉપયોગી થાઓ અને

ઉચ્ચ વર્ણપણાના અભિમાનને લીધે જેઓનું મનુષ્ય-પણું નષ્ટ થએલું છે, તેઓને અભિમાનની ખાણમાંથી બચાવી પ્રત્યક્ષ મનુષ્યપણું કરાવનારૂં થાઓ.

૧. આ અંત્યજ સ્તોત્ર અમને અમારા સત્ય ધર્મનું ભાન કરાવનારૂં થાઓ.

૨. આ અંત્યજ સ્તોત્ર અમને અમારી ફરજ બજાવવામા દૃઢતા આપનારૂં થાઓ.

૩. આ અંત્યજ સ્તોત્ર અમને મનુષ્ય જાત તરફ ઉદાર વિચારો ધરવાનું બળ આપનારૂં થાઓ.

૪. આ અંત્યજ સ્તોત્ર હિંદુઓ ઉપરનું કલંક ધોઇ નાખનારૂં થાઓ.

૫. આ અંત્યજ સ્તોત્ર વિના વાંકે તજાએલા કરોડો માણસોનો હિંદદેવીની સેવામાં ઉમેરો કરનારૂં થાઓ.

ૐ ૐ ૐ

નરસિંહમહેતો અને અંત્યજો

ગિરિ તળેટી ને કુંડ દામોદર, ત્યાં મહેતાજી નહાવા જાય;
ઢેઢવરણમાં દઢ હરિભક્તિ, તે પ્રેમ ધરીને લાગ્યા પાય.

કર જોડીને પ્રાર્થના કીધી, વિનતિતણાં બહુ વદ્યા રે વચન;
મહંતપુરુષ મારી અરજ એટલી, મારે આંગણે તમે કરો કીરતન

પ્રેમપદારથ અમો પામીએ, વામીએ જન્મ મરણ જંજાળ;
કર જોડતામાં કરુણા ઉપજી, મહેતાજી વૈષ્ણવ પરમ દયાળ

પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન;
ગૌમૂતર તુળસીસ્થળ લીંપજો, એવું વૈષ્ણવે આપ્યું વાગદાન.

મહેતાજી નિશાએ આવ્યા, લાવ્યા પ્રસાદ ને કર્યો ઓચ્છવ;
ભોર થયા લગી ભજન કીધું, સંતોષ પામ્યા સહુ વૈષ્ણવ.

ઘેર પધાર્યા હરિજશ ગાતા, વાતા તાળ ને શંખ મૃદંગ;
હસી હસી નાગર તાળીઓ લે છે, આ શા રે બ્રાહ્મણના ઢંગ!

મૌન ગ્રહીને મહેતાજી ચાલ્યા, અધવધવાને શો ઉત્તર દઉં;
જાગ્યા લોક નરનારી પૂછે, મહેતાજી તમે એવા શું?

નાત ન જાણો ને જાત ન જાણો, ન જાણો કાંઇ વિવેક વિચાર;
કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણવ તણો મને છે આધાર.

એવા રે અમો એવા રે એવા

એવા રે અમો એવા રે એવા, તમે કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે–

જેનુ મન જે સાથે બંધાણું, પહેલું હતું ઘર રાતુ રે;
હવે થયું છે હરિરસ-માતું ઘેર ઘેર હીંડે છે ગાતુ રે-

સઘળા સાથમાં હું એક ભુંડો, ભુંડાથી વળી ભુંડો રે;
તમારે મન માને તે કહેજો, નેહ લાગ્યો મને ઊંડો રે-

કર્મ ધરમની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સકળ પદારથ જે થકી પામે, મારા પ્રભુની તોલે નાવે રે-

હળવા કરમનો હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે:
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે.-

—નરસિંહ મહેતો

આભડછેટ અંગ

આભડછેટ અંત્યજની જાણી, બ્રાહ્મણ વૈષ્ણવ કીધા ધણી;
બારે માસ ભોગવે એ બે, સૌને ઘેર આવીગઈ રહે;
અખા હરિ જાણે જડ જાય, નૈં તો મનસા વાચા પેશી રે કાય.

પોતાનાં પડખાં નવ જુવે, હાડ ચામડાં મૂરખ ધૂવે;
શુદ્ધ કેમ થાય જો ચામડું, મોટું માંહે એ વાંકડું;
હરિ જાણ્યા વિના ભૂલા ભમે, અખા પાર ન પામે ક્યમે.

ઈશ્વર જાણે તે આચાર, એ તો છે ઉપલો ઉપચાર;
મીઠાં મોડાં માન્યાં દ્રાખ, અન્ન નોય અન્નમાંની રાખ;
સોનામખી સોનું નવ થાય, અખા આંત્રળીને પાથરતાં વાણું વાય.

—અખાની વાણી

"આજે ૧૩મીને દિવસે મેં આખો દિવસ ઈશ્વરની પ્રાર્થના કરી કે મારો પુરુષાર્થ, અન્ત્યજની સેવા, હિન્દુપણું અધુરાં રહ્યાં હોય અને મારે જન્મવાપણું રહે તો હું અન્ત્યજ જન્મું આ જ જન્મે મોક્ષ મેળવવા હું મથી રહ્યો છું, પણ જો તેમાં નિષ્ફળ જાઉં તો જે દોષોને માટે હિંદુસંસાર જવાબદાર છે તે પણ મારે કાઢયે જ છૂટકો છે. તે બધા દોષો જો આજે ન નીકળે તો હું તમારામાં અવતરીને કઢાવું. જે બે કારણો માટે હું આજે જીવું છું તે ગાયની રક્ષા અને અન્ત્યજોનો ઉદ્ધાર. એ બે કામ થાય એટલે મારો મોક્ષ છે"

"જેટલું દર્દ અન્ત્યજ અસ્પૃશ્ય રહેવામાં છે તેથી વધારે દર્દ મને અસ્પૃશ્યતા હિંદુધર્મમાં હોવાથી છે. અસ્પૃશ્યતા હિંદુસમાજમાં કાયમ છે ત્યા સુધી મને લાજ આવે છે અને હિંદુ છું એવો દાવો કરતા પણ મને સંકોચ થાય છે."

"મારી અલ્પમતિ પ્રમાણે તો ભંગીને જે મેલ ચઢે છે તે મેલ શારીરિક છે અને તે મેલ તુરત દૂર કરી શકાય છે. પણ જેઓને અસત્ય, પાખંડ ઇ૦નો મેલ ચઢે છે તે એવો સૂક્ષ્મ હોય છે કે તેને કાઢવો જ મુશ્કેલ પડે છે. જો કોઇને અસ્પૃશ્ય ગણી શકાય તો તે અસત્ય અને પાખંડરૂપી મેલથી ભરેલા લોકો છે. પણ તેઓને અસ્પૃશ્ય ગણવાની તો આપણી હિંમત જ નથી ચાલતી, કેમકે આપણા — બધામાં એવો મેલ થોડે ઘણે અંશે રહેલો જ છે. આ ખરી મલિનતાને સારૂ આપણી પાસે ધીરજ અને પોતાની આંતરિક સ્વચ્છતા સિવાય બીજો

ઉપાય નથી. પણ ભંગીની મલિનતા તો હાડ નથી ઘાલતી, એટલું જ નહિ પણ તેનો ઉપાય પણ સહેલો છે. તેઓને આપણે આપણા કરીએ એટલે તેઓ જરૂર સાફ થઇ રહેવાના. ''

" મારી દઢ માન્યતા છે કે અસ્પૃશ્યતા એ અધર્મ છે. હિંદુધર્મની તે અતિશયતાને પોષવી એ દુરાગ્રહ છે; તેને તપશ્ચર્યા કરી દૂર કરવી એ સત્યાગ્રહ છે. સત્યનો આગ્રહ એ જ ધર્મ છે રૂઢિએ માનેલ દરેક દોષને પકડી રાખવાનો આગ્રહ એ અધર્મ છે. "

" ભંગીઓનાં ઘર તો ઘણાં વૈષ્ણવ ઘર કરતાં મેં ચોખ્ખાં જોયા છે. તેઓમાંના કેટલાકની સત્યવાદિતા, સરળતા, દયા વગેરેથી હું ચકિત થયો છુ. મારી ખાત્રી છે કે હિંદુધર્મમાં અસ્પૃશ્યતારૂપી કળિએ પ્રવેશ કર્યો તેથી આપણે પતિત બન્યા છીએ ને ગોમાતાના રક્ષણને સારૂ પણ તેથી વીર્યહીન થઇ ગયા છીએ. જ્યાં સુધી આપણે આ ડાયરશાહીમાંથી મુક્ત નથી થયા ત્યાં સુધી અંગ્રેજી ડાયરશાહીમાંથી મુક્ત થવાનો આપણને અધિકાર નથી. "

મહાત્મા ગાંધીજી

(જૂનાં નવજીવનમાંથી)

' ફલાણો માણસ અસ્પૃશ્ય છે તે વિચારને જ કાયમને માટે રજા આપી દેવી જોઇએ. આમ કરવાથી જ સર્વેની પ્રગતિ થશે, અંત્યજો સુખી થશે અને આપણને પણ પુષ્કળ લાભ થશે. પ્રભુની નજરમાં કોઈ સ્પૃશ્ય કે અસ્પૃશ્ય નથી! પ્રભુની કચેરીમા સર્વ સરખા છે. ત્યાં ભેદભાવ નથી અને અહીંઆં જો કોઇ એમ કહે કે ફલાણા માણસ સાથે ભળી શકાય નહિ, તેને અડકી શકાય નહિ, તો તે પ્રભુ પાસે પાપ કરવા જેવું છે, તે ગુન્હો છે. ''

સ્વ. લો. તિલક

" મનુષ્ય જાતિનો એક મોટો વર્ગ, જેને આપણા જેવાં જ શરીર છે, આપણા જેવાંજ વિચારશક્તિવાળાં મગજ છે અને લાગણીવાળા અંતઃકરણ છે તેવા એક મોટા જનસમુદાયને સદાને માટે કંગાળ; અધમ, અને બુદ્ધિમાં હલકો રાખવો અને તે પોતાની ઉન્નતિ કરી ન શકે તે માટે સદાકાળને સારૂ તેમના માર્ગમા પ્રતિબંધો મૂકવા એ તો ભયંકર બાબત છે એમ દરેક ન્યાયી પુરુષે કબુલ કરવું જોઈશે. આપણે તેમની સ્થિતિમા હઇએ તો આપણને કેટલું દુઃખ થાય તે ઉપરથી આપણો તેમના પ્રત્યેનો અન્યાય કેટલો દુઃખદાયી થતો હશે તેની કલ્પના થઇ શકે. આપણાથી બિલાડીને અડકી શકાય, કૂતરાને અડકી શકાય, બીજા કોઇ પ્રાણીને અડકી શકાય; પરંતુ આ મનુષ્ય પ્રાણીઓને અડકવાથી જ આપણે અભડાઇ જઈએ. ''

સ્વ૦ ગો૦ કૃ૦ ગોખલે

આત્મા એક છે રે, બાઇ એક ઉદક એક આણ;
આકાર આવી જુગમ મંચમ, થઇ છે ખેંચાતાણ. આત્મા૦

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય શૂદ્ર, વિધવિધના રે વિસ્તાર;
સરે જોતાં સોનું એક છે, એના ઘાટ ઘડ્યા બેસુમાર. આત્મા૦

જ્ઞાનદૃષ્ટિ ખોલીને જુઓ, તમે પાખંડ મ કરો માંડ;
સરે જોતા શેલડી, તેનાં ગોળ સાકર ને ખાંડ. આત્મા૦

હાથે કરનીનું હાટ પહેરી, નિત્ય સૌભાગણ નહાય;
નવીન ચોકો નિત્ય કરે, પેખો પ્રગટ એ અન્યાય. આત્મા૦

અનેક નદીએ જળ વહે, તેને જુજવું મત જાણ;
સાગર જાતાં સર્વ મળી, તેનું નીર થયું નિરવાણ. આત્મા૦

આચારીને સદા અવળાઇ, મૂક જોતાં મર્મ;
અખા આતમ ચીન્યા વિના, એના ક્રોડી ન છૂટે કર્મ. આત્મા૦

—અખો.

વાંચો અરધી કિંમતે.

૧. અંત્યજ સાધુ નંદ ૦-૦-૬

૨. હિન્દુધર્મની કસોટી ૦-૮-૦

(ગાંધીજી લિખિત લેખસંગ્રહ)

મળવાનું ઠેકાણું.

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ

તથા

જીવરામ કલ્યાણજી કોઠારી

(રોહાવાળા)

કચ્છ-કોટડા